# શ્રી ચુનિલાલ હિમ્મતભાઈ ભીલ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નસવાડી, જિ. છોટાઉદેપુર

## પરીક્ષા અંગે નોટીસ

અધ્યાપક મિત્રો / વિદ્યાર્થી ભાઈઓ-બહેનો,

આથી જણાવવાનું કે ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલ સરકારી કોલેજોમાં આંતરીક પરીક્ષાઓને સ્થાને સતત મૂલ્યાંકન વડે વિદ્યાર્થીઓનું એસેસમેન્ટ થાય તે માટે આદેશ કરાયો છે. સરકારશ્રીએ સૂચવ્યા પ્રમાણે હવે આંતરીક 30 ગુણના મૂલ્યાંકન માટેના આ પ્રમાણે એસેસમેન્ટ ટુલ્સ અને તેનુ ભારાંક રહેશે –

| | એસેસમેન્ટ ટુલ્સ | ભારાંક |
|---|---|---|
| 1 | અઠવાડિક પરીક્ષાઓ | 10 |
| 2 | એમ. સી. ક્યુ. ટેસ્ટ | 05 |
| 3 | એસાઈનમેન્ટસ | 10 |
| 4 | વિદ્યાર્થીઓની હાજરી | 05 |
| | કુલ = | 30 |

યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષા 70 ગુણની હોય છે. કૉલેજ દ્વારા ઉપર જણાવેલ 30 આંતરીક ગુણાંકનમાંથી વિદ્યાર્થીનાં જેટલા ગુણ થતાં હશે એ યુનિવર્સિટીમાં મોકલાશે. આમ, વિદ્યાર્થીનું પરિણામ 70 + 30 = 100 ગુણમાંથી આવશે.

આપણી કોલેજમાં આ સત્ર માટે જે નિર્ણયો લેવાયેલ છે તે આ પ્રમાણે છે –

1. **B. A. / B. COM. SEM. – 1, 3, 5** માં ચાલુ સત્ર દરમ્યાન માત્ર બે વાર 10 – 10 ગુણની અઠવાડિક પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. બન્ને પરીક્ષા આપવી ફરજીયાત છે. બન્નેમાંથી જે પરીક્ષામાં વધુ ગુણ મેળવ્યા હશે તેની ગણતરી આંતરીક ગુણાંકનમાં ધ્યાનમાં લેવાશે.
2. **B. A. / B. COM. SEM. – 1, 3, 5** માં ચાલુ સત્ર દરમ્યાન માત્ર બે વાર 05 -05 ગુણની એમ. સી. ક્યુ. ટેસ્ટ અઠવાડિક પરીક્ષાની સાથે – સાથે લેવાનું નક્કી કરાયું છે. બન્ને એમ. સી. ક્યુ. ટેસ્ટ આપવી ફરજીયાત છે. બન્નેમાંથી જેમાં વધુ ગુણ મેળવ્યા હશે તેની ગણતરી આંતરીક ગુણાંકનમાં ધ્યાનમાં લેવાશે.
3. જે – તે પેપરની અઠવાડિક પરીક્ષા અને એમ. સી. ક્યુ. ટેસ્ટ એક જ પ્રશ્નપત્રમાં હશે. વિદ્યાર્થીઓએ અઠવાડિક પરીક્ષાનાં પ્રશ્નનો જવાબ ઉત્તરવહીમાં લખીને આપવાનો રહેશે, જયારે એમ. સી. ક્યુ. ટેસ્ટ આપેલ પ્રશ્નપત્રમાં જ સાચાં જવાબ આપી સુપરવાઈઝરશ્રીને પ્રશ્નપત્ર પરત કરવાનું રહેશે.

4. અઠવાડિક પરીક્ષા 10 ગુણ અને 25 મિનિટની તથા એમ. સી. ક્યુ. ટેસ્ટ 05 ગુણ 10 મિનિટનો રહેશે. આમ, કુલ 15 ગુણની બન્ને ટેસ્ટ માટે વિદ્યાર્થીઓને કુલ 35 મિનિટ આપવામાં આવશે.
5. જે – તે પેપર દીઠ ઓછામાં ઓછા ચાર એસાઈનમેન્ટસ વિદ્યાર્થીઓએ આપવાનાં રહેશે. જેમાંથી બે એસાઈનમેન્ટસ વિદ્યાર્થીઓએ પહેલી અઠવાડિક પરીક્ષા પહેલા આપી દેવાનાં રહેશે. તેવી રીતે બીજા બે એસાઈનમેન્ટસ વિદ્યાર્થીઓએ બીજી અઠવાડિક પરીક્ષા પહેલા આપી દેવાનાં રહેશે. અને જે વિદ્યાર્થીઓએ આ પરીક્ષાઓ અગાઉ એસાઈનમેન્ટસ ના આપ્યા હોય તેઓએ જે – તે પેપરનાં દિવસે મોડામાં મોડું આપી દેવાનાં રહેશે. પ્રત્યેક એસાઈનમેન્ટ દીઠ અઢી ગુણ (ચાર એસાઈનમેન્ટનાં 10 ગુણ) ગણાશે.
6. અઠવાડિક પરીક્ષા અને એમ. સી. ક્યુ. ટેસ્ટનું માળખું નોટીસ બૉર્ડ પર મૂક્યું છે તે પ્રમાણે રહેશે.
7. ફાઉન્ડેશન કોર્સ અને સોફ્ટ સ્કીલનાં વિષયોમાં આ પ્રકારની અઠવાડિક પરીક્ષા અને એમ. સી. ક્યુ. ટેસ્ટ નહીં લેવાય. ઑક્ટોબર 2018 માં આ બન્ને પેપરની 100 – 100 ગુણની ત્રણ – ત્રણ કલાકની પરીક્ષા એક વાર કૉલેજ દ્વારા લેવાશે.
8. આગળનાં વર્ષોમાં જે – તે સેમેસ્ટરમાં કૉલેજનાં ઈન્ટરનલમાં નાપાસ વિદ્યાર્થીઓની રી – ટેસ્ટ ઑક્ટોબર 2018 માં યોજાશે. રી – ટેસ્ટની નોટીસ મૂકાતાં વિદ્યાર્થીઓએ પરીક્ષા વિભાગનો સંપર્ક કરી ફૉર્મ ભરી રી – ટેસ્ટ આપવી.
9. જે વિદ્યાર્થીઓ અઠવાડિક પરીક્ષા અને એમ. સી. ક્યુ. ટેસ્ટ નહીં આપે તેઓને યુનિવર્સિટી પરીક્ષાનું ફૉર્મ ભરવા દેવામાં નહીં આવે. એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ ગણાશે.
10. વિદ્યાર્થીઓએ કૉલેજમાં લેવાનાર અઠવાડિક પરીક્ષા, એમ. સી. ક્યુ. ટેસ્ટ, એસાઈનમેન્ટસ આપવા ફરજીયાત છે, તથા વિદ્યાર્થીઓની કૉલેજમાં નિયમિત હાજરી અનિવાર્ય છે.

પહેલી અઠવાડિક પરીક્ષા અને એમ. સી. ક્યુ. ટેસ્ટ લગભગ તા.11-09-2018 મંગળવારનાં રોજથી યોજાશે તથા બીજી અઠવાડિક પરીક્ષા અને એમ. સી. ક્યુ. ટેસ્ટ લગભગ તા.26-09-2018 બુધવારનાં રોજથી યોજાશે. ટૂંક સમયમાં પહેલી અઠવાડિક પરીક્ષા અને એમ. સી. ક્યુ. ટેસ્ટનું સમયપત્રક નોટીસ બૉર્ડ પર મૂકાશે. દરરોજ બે પેપરની ટેસ્ટ લેવાશે જેની સર્વએ નોંધ લેવી.

તા.28-08-2018,
નસવાડી.

આચાર્યશ્રી,
શ્રી ચુનિલાલ હિંમતભાઈ ભીલ
સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ,
નસવાડી, જિ. છોટાઉદેપુર.

## શ્રી ચુનિલાલ હિમ્મતભાંઈ ભીલ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ,
## નસવાડી, જિ. છોટાઉદેપુર

**B.A. : ફર્સ્ટ સેમેસ્ટર : ગુજરાતી : પેપર નં.- CC 101**

**સપ્ટેમ્બર : 2018**

---

વિદ્યાર્થીનું નામ :- ............................................................. રોલ નંબર :- ..........................

વિદ્યાર્થીની સહી :- ..........................તારીખ :- ......................નિરીક્ષકની સહી :- ................

એમ. સી. ક્યુ. ટેસ્ટ મેળવેલ ગુણ :- .....................પરીક્ષકની સહી :- ...........................................

---

### પહેલી અઠવાડિક પરીક્ષા

સૂચના :- આપેલા પ્રશ્નનો જવાબ ઉત્તરવહીમાં લખવો.

સમય :- 25 મિનિટ

કુલ ગુણ :- 10

પ્રશ્ન : એક યુનિટમાંથી મોટો પ્રશ્ન

અથવા

બીજા યુનિટમાંથી બે ટૂંક નોંધ અથવા બે નાના પ્રશ્નો

---

### પહેલો એમ. સી. ક્યુ. ટેસ્ટ

સૂચના :- એમ. સી. ક્યુ. ટેસ્ટનાં જવાબ આ જ પ્રશ્નપત્રમાં આપવા.

સમય :- 10 મિનિટ

કુલ ગુણ :- 05

પ્રશ્ન : ચાર યુનિટમાંથી પાંચ ઓબ્જેકટીવ પ્રશ્નો પૂછવા.

( જેમકે પ્રશ્નોનાં જવાબ આપેલા વિકલ્પોમાંથી પસંદ કરો, ખાલી જગ્યા પૂરો, ખરા-ખોટા જણાવો, જોડકા જોડો વગેરે પૂછી શકાય)

-----------------------------